"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

અખબારી યાદી | તા. 05-03-2022

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશભાઈ ઠાકોર દ્વારા સેવાલક્ષી અને સમાજલક્ષી અભિગમ દાખવીને તેઓની શુભેચ્છા મુલાકાતે આવતા સાથીઓ પુષ્પગુચ્છની બદલે વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે પ્રોત્સાહિત થાય તેવા નોટબુક, પુસ્તક, સ્ટેશનરી તેમજ અન્ય વસ્તુ શુભકામના સ્વરૂપે આપે તેવો પ્રમુખશ્રી જગદીશભાઈ ઠાકોરે વિનમ્ર અનુરોધ કરેલ છે.

શ્રી જગદીશભાઈ ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે, "જ્યારે કોઈ સાથી મને મળવા આવે છે ત્યારે તેઓ પુષ્પગુચ્છ, ફૂલહાર વડે તેમની શુભેચ્છા આપે છે પરંતુ હું ઈચ્છું છું કે શુભેચ્છા સ્મૃતિ કંઈક એવી હોય કે જેથી બીજાનું પણ શુભ થાય. આ વિચાર સાથે હું મારા દરેક સાથીને નમ્ર અનુરોધ કરું છું કે શુભેચ્છા સ્મૃતિ તરીકે વિદ્યાર્થીને તેના વિદ્યાભ્યાસ દરમિયાન જરૂરી થાય તેવી વસ્તુઓ જેમ કે પેન, પેન્સિલ, ચોપડી - ચોપડા, અર્થપૂર્ણ  પુસ્તકો વગેરે જેવી વસ્તુઓ આપે જેને ગુજરાત કોંગ્રેસ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડશે."

આજના સમયમાં મદદના દીવાને પ્રગટાવેલો રાખવો ખૂબ જ જરૂરી છે અને એમાં પણ વિદ્યાના દીવાને પ્રજવલ્લિત રાખનાર વિદ્યાર્થીઓને કરવામાં આવેલ મદદ શ્રેષ્ઠ મદદ છે.

(હેમાંગ રાવલ)
મિડિયા કોર્ડીનેટર

બિડાણ : આ સાથે શ્રી જગદીશભાઈ ઠાકોરનો પત્ર સામેલ છે.

INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**E-mail:** gpcc1234@gmail.com
**website :** www.incgujarat.com / www.jagdishthakor.com

**શ્રી જગદીશ ઠાકોર**
પ્રમુખ

તા. 5 માર્ચ, 2022

પ્રતિ
સૌ સાથી મિત્રો,

**<u>વિષય : શુભેચ્છા મુલાકાતે આવતા સાથીઓ પુષ્પગુચ્છની બદલે વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે પ્રોત્સાહિત થાય તેવા નોટબુક, પુસ્તક, સ્ટેશનરી તેમજ અન્ય વસ્તુ શુભકામના સ્વરૂપે આપે તેવો વિનમ્ર અનુરોધ.</u>**

આપ સૌ કુશળ હશો.

આપણે સૌ જાણીએ છે કે આજના સમયમાં મદદના દીવાને પ્રગટાવેલો રાખવો ખૂબ જ જરૂરી છે અને એમાં પણ વિદ્યાના દીવાને પ્રજવલ્લિત રાખનાર વિદ્યાર્થીઓને કરવામાં આવેલ મદદ શ્રેષ્ઠ મદદ છે.

જ્યારે કોઈ સાથી મને મળવા આવે છે ત્યારે તેઓ પુષ્પગુચ્છ, ફૂલહાર વડે તેમની શુભેચ્છા આપે છે પરંતુ હું ઇચ્છું છું કે શુભેચ્છા સ્મૃતિ કંઇક એવી હોય કે જેથી બીજાનું પણ શુભ થાય. આ વિચાર સાથે હું મારા દરેક સાથીને નમ્ર અનુરોધ કરું છું કે શુભેચ્છા સ્મૃતિ તરીકે વિદ્યાર્થીને તેના વિદ્યાભ્યાસ દરમિયાન જરૂરી એવી વસ્તુઓ જેમ કે પેન, પેન્સિલ, ચોપડી - ચોપડા, અર્થપૂર્ણ  પુસ્તકો વગેરે જેવી વસ્તુઓ આપે જેને ગુજરાત કોંગ્રેસ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડશે.

જેમ રામસેતુના નિર્માણ કાર્ય સમયે એક ખિસકોલીએ પણ પુરુષાર્થ પરાયણ ભાવથી સેતુ રચનામાં ફાળો આપ્યો તેમ આપ પણ આ સેવાયજ્ઞમાં યથાશક્તિ સહકાર આપી વિદ્યાર્થી અને શિક્ષણ વચ્ચે સેતુ બનતા અભ્યાસના સાધનો તેની યોગ્ય જગ્યાએ પહોંચાડવાની મને તક આપો અને વિદ્યાની જ્યોત પ્રકાશમય બનાવી રાખવાનું પ્રણ લો તેવી વિનંતી.

આભાર સહ.

(જગદીશ ઠાકોર)